દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શુક્રવાર ૧૪ ઓગસ્ટ, ૨૦૨૬

# પાયલોટોમાં નશાખોરી અને માનસિક સમસ્યાઓ: ખૂબ ગંભીર ચિંતાની બાબત

હાલ ચોથી ઓગસ્ટના રોજ નાગરિક ઉડ્ડયન ક્ષેત્ર માટે એક ગંભીર અને ચિંતાજનક કહી શકાય તેવી પ્લેન ટર્બ્યુલન્સની વધુ એક ઘટના બની ગઇ. થાઇલેન્ડના ફુકેટથી દિલ્હી આવી રહેલ એર-ઇન્ડિયાની એક ફલાઇટ ટર્બ્યુલન્સનો ભોગ બની. ફૂકેટ-દિલ્હીની આ ફલાઇટ અચાનક આશરે ૩૦૦ ફૂટ નીચે આવી જવાથી ૨૪ મુસાફરો અને ક્રૂ મેમ્બર્સ ઘાયલ થયા હતા. છેલ્લા કેટલાક સમયમાં એર ટર્બ્યુલન્સની અનેક ઘટનાઓ વિવિધ દેશોમાં બની છે. ટર્બ્યુલન્સની આ ઘટનાઓ અંગે આમ તો જુદા જુદા અનેક કારણ હોય છે પરંતુ હાલની એર-ઇન્ડિયાની ફલાઇટના ટર્બ્યુલન્સની ઘટના સંદર્ભમાં એક વધુ ચિંતાજનક બાબત એ બહાર આવી છે કે આ ફલાઇટના મુખ્ય પાયલોટે નશીલો પદાર્થ લીધો હવાનું લેબોરેટરી પરીક્ષણમાં પુરવાર થયું છે. એર ઇન્ડિયાની ફલાઇટ AI2379નો પાયલોટ-ઇન-કમાન્ડ લેબોરેટરી કન્ફર્મેટરી ટેસ્ટમાં મારિજુઆના માટે પોઝિટિવ આવ્યો છે અને આ એક ખૂબ ગંભીર ચિંતાજનક કહેવાય તેવી બાબત છે.

૪ ઓગસ્ટની આ ઘટના બાદ બંને પાયલોટોના ફરજિયાત સાયકોએક્ટિવ સબસ્ટન્સ(નશીલા પદાર્થો) માટેના સ્ક્રીનીંગ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. પાયલોટ-ઇન-કમાન્ડના પ્રાથમિક ટેસ્ટમાં વધુ પુષ્ટિની જરૂર જણાતા, તેમના સેમ્પલને માન્ય લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, હવે કન્ફર્મેટરી ટેસ્ટમાં પણ તે ગાંજા જેવા આ કેફી દ્રવ્ય માટે પોઝિટિવ આવ્યો છે, એટલે કે આ પાયલોટે આ નશીલો પદાર્થ લીધો હોવાનું લેબોરેટરીના ટેસ્ટમાં સાબિત થયું છે. આ ઘટનાવિકાસ પછી નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડુ તથા વરિષ્ઠ અધિકારીઓ એર-ઇન્ડિયાના સીઇઓ તથા અન્ય અધિકારીઓને મળ્યા હતા તથા આ ઘટનાની ચર્ચા કરી હતી. હવે આ પાયલોટને સસ્પેન્ડ કરવામાં આવશે અને તેની સામે કાર્યવાહી હાથ ધરવામાં આવશે એ નક્કી છે. પરંતુ આ ઘટના ઘણી સૂચક છે. જેમના પર આખા વિમાનના મુસાફરોની સલામતીની જવાબદારી હોય તે પાયલોટ નશીલો પદાર્થ લઇને વિમાન ઉડાડતો હોય તે બાબત જ કેટલી ગંભીર છે. જો કે એર ટર્બ્યુલન્સની આ ઘટનામાં આ પાયલોટની નશાખોરી કદાચ જવાબદાર નહીં પણ હોય, તેમ છતાં પાયલોટ કેફી દ્રવ્યો કે પીણું લઇને વિમાન ઉડાડતા હોય તે બાબત ખૂબ જ ચિંતાજનક છે. ઉડાન પહેલાનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું કે નહીં અને તેમાંથી આ પાયલોટ કેવી રીતે પસાર થઇ ગયો તે પણ એક પ્રશ્ન છે. ગયા વર્ષે અમદાવાદમાં એર-ઇન્ડિયાની લંડન જતી ફલાઇટ તૂટી પડે તેનો મુખ્ય પાયલોટ પણ માનસિક સમસ્યાઓથી પીડાતો હતો એવી માહિતી બહાર આવી છે. આ પાયલોટે જ ઉડાન વખતે ફ્યુઅલ સ્વીચ બંધ કરી દીધી હોવાની એક થિયરી છે. જો કે હજી તપાસકર્તાઓએ આ અંગે સત્તાવાર રીતે કશું કહ્યું નથી પરંતુ પાયલોટોની માનસિક-શારીરિક ફીટનેસ, તેમની વ્યસનની ટેવો વગેરે બાબતો ખૂબ જ અગત્યની છે તે સમજી શકાય તેવી બાબત છે.

એક અહેવાલ મુજબ વિશ્વભરની એરલાઇનોના પાયલોટો કામના ભારે દબાણ, ફરજના લાંબા કલાકો વગેરેને કારણે અને અંગત તનાવોને કારણે આલ્કોહોલ કે કેફી દ્રવ્યોના સેવન તરફ વળી જાય છે. વિમાન ઉડાડવા પહેલા તેઓ શરાબની અસરમાંથી મુક્ત થઇ ગયા હોય તે જરૂરી છે અને સદભાગ્યે મોટા ભાગના પાયલોટો આ નિયમનું પાલન કરે છે. પરંતુ બંધાણી થઇ ગયેલા અને માનસિક સમસ્યાઓથી પીડાતા પાયલોટો મોટી સમસ્યાઓ સર્જી શકે છે. રોઇટર્સના એક અહેવાલ મુજબ, વિશ્વભરના કોમર્શિયલ એરલાઇન પાયલોટ્સ પોતાની કારકિર્દી જોખમમાં મુકાવાના ડરથી ડિપ્રેશન અથવા એન્ઝાયટી જેવી સાધ્ય માનસિક સ્વાસ્થ્ય પડકારોને પણ વધુને વધુ પ્રમાણમાં છુપાવી રહ્યા છે. આના પરિણામો દુ:ખદ હોઈ શકે છે, અને મદદ મેળવવામાં તેમનો આ સંકોચ વ્યક્તિગત સુખાકારી અને વિમાન સુરક્ષા બંને માટે ગંભીર ચિંતાઓ ઊભી કરે છે. પાયલોટ્સના માનસિક સ્વાસ્થ્ય પર વધી રહેલી આ તપાસ એવા કિસ્સાઓ દ્વારા પ્રકાશમાં આવી છે, જે દર્શાવે છે કે કેવી રીતે સામાજિક કલંક અને નિયમનકારી અડચણો પાયલોટોને સમયસર સારવાર મેળવતા રોકી શકે છે. ડેલ્ટા એરલાઇન્સના 41 વર્ષીય પાયલોટ અને ત્રણ બાળકોના પિતા બ્રાયન વિટકે કોવિડના સમયગાળા દરમિયાન મંદીના કારણે ડિપ્રેશન સામે ઝઝૂમી રહ્યા હતા. પોતાના લક્ષણોની જાણ કરવાથી તેમની ઉડ્ડયન કારકિર્દી જોખમમાં મુકાઈ શકે છે તેવા ડરથી તેમણે ઔપચારિક સારવાર લેવાનું ટાળ્યું હતું. 2022 માં આત્મહત્યા દ્વારા થયેલા તેમના મૃત્યુએ પાયલોટ્સ માટે મદદ મેળવવાના વધુ સ્પષ્ટ અને સુરક્ષિત માર્ગો બનાવવાની માંગને વેગ આપ્યો છે. માનસિક તનાવ પાયલોટને નશાખોરી તરફ વાળી દે અને તેને કારણે તેમનું માનસિક સ્વાસ્થ્ય ઓર કથળે, આ દુષ્ચક્ર શરૂ થઇ જવાનો ભય ઘણા કિસ્સાઓમાં રહેલો હોય છે. આથી એરલાઇનો પોતાના પાયલોટો માટે કામના યોગ્ય કલાકો, પ્રોત્સાહક વાતાવરણ પુરુ પાડવા જેવા પગલાઓ ભરે અને તેમને નશાખોરીથી દૂર રાખે તે વિમાની મુસાફરોની સલામતી માટે આવશ્યક છે.

## છોડીને આગળ વધવું



એક થિયેટરમાં એક નાટક ભજવવામાં આવી રહ્યું હતું. નાટકમાં કલાકરો મોટાં હતાં અને પ્રચાર પણ બહુ કરવામાં આવ્યો હતો એટલે નાટકના બધા શો હાઉસફુલ વેચાઈ ગયા હતા.નાટકનો પહેલો શો હતો. મોટા મોટા મહાનુભાવો અને કલાકારો હાજર હતા અને ટીકીટ પણ હજારોમાં વેચાઈ હતી.બધાને આશા હતી બહુ સરસ નાટક હશે પણ નાટક સાવ કંટાળાજનક અને ધડ માથા વિનાની વાર્તા હતી.થિયેટર હાઉસફુલ હતું. તેમાંથી આ સાવ બોરિંગ નાટક છોડીને અમુક લોકો વચ્ચેથી જ નીકળી ગયાં. અમુક લોકો બડબડ કરતાં બેસી રહ્યાં પણ ઇન્ટરવલમાં જતાં રહ્યાં. બાકીનાં બધાં મોઢાં બગાડતાં, બડ બડ કરતાં રહ્યાં પણ બેસી રહ્યાં અને નવાઈની વાત એ હતી કે જેટલાં લોકો વચ્ચેથી નાટક છોડી ગયાં તેઓની સંખ્યા ઓછી હતી અને મોટા ભાગનાં લોકોએ બોરિંગ નાટક પણ છેલ્લે સુધી બેસીને જોયું.આ છેલ્લે સુધી બેસીને નાટક જોનાર અને સાવ ખરાબ છે તેવું બોલનારને પૂછવામાં આવ્યું કે ‘‘તમને નાટક જરાય ન ગમ્યું, સાવ બોરિંગ હતું તો તમે તે છેલ્લે સુધી બેસીને કેમ જોયું?’’ તેમણે હસતાં હસતાં જવાબ આપ્યો, ‘‘ભાઈ, ટીકીટના બે હજાર ખર્ચ્યા હતા એટલે.’’ મોટા ભાગનાં લોકો ટીકીટના પૈસા વસૂલ કરવા છેલ્લે સુધી બેસી રહ્યાં.

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

મનોવિજ્ઞાનની દૃષ્ટિએ આ પરિસ્થિતિને ‘સન્ક કોસ્ટ ફેલેસી’ કહેવાય છે.આપને મોટા ભાગના માણસો જે પૈસા ખર્ચ કર્યા હોય તેને વસુલ કરવાનો આગ્રહ રાખીએ છીએ એટલે ઉપરના પ્રસંગ પ્રમાણે બોરિંગ નાટક પણ છેલ્લે સુધી જોઈએ છીએ અને આ જ નિયમ આપને કોઇ પણ કાર્ય કે વ્યક્તિ પાછળ જે સમય ,પૈસા કે લાગણીઓ ખર્ચી નાખીએ છીએ પછી તેના મોહને છોડી શકતા નથી. દરેક માણસ એમ જ વિચારે છે કે આટલો સમય ,પૈસા, લાગણીઓ અહીં ખર્ચી નાખ્યા કે વેડફી નાખ્યા પણ હવે બધું છોડીને ખાલી હાથે પાછો ફરું? અને તે મોહમાં બંધાયેલો રહે છે.

જીવનમાં આવી પરિસ્થતિ નિર્માણ થાય છે જયારે આપણને સમજાઈ જાય છે કે આ સ્થિતિ, કામ, માણસ પાછળ ખોટા પૈસા, લાગણી અને મહેનત ખર્ચાઈ ગઈ છે અને હવે તે કયારેય પાછી મળી શકવાની નથી છતાં અત્યાર સુધી ખર્ચેલી લાગણી ,પૈસા કે મહેનતનું વળતર વસુલ કરવું શક્ય ન હોવા છતાં તે વસુલ કરવાના ચક્કરમાં આપણે માણસો જે તે સંજોગો ,વ્યક્તિ કે કામ છોડીને આગળ વધી શકતાં નથી અને વધુ ને વધુ ઊર્જા ,મનની શાંતિ ગુમાવતાં રહીને ત્યાં જ અટકેલાં રહીએ છીએ.યાદ રાખો, અમુક વાર છોડીને આગળ વધી જવામાં વધુ સમજદારી છે.

# આઝાદીના 80 મા વર્ષે સ્વરાજની સફર હજુ અધૂરી છે

**કહેવાની વાત**

**નેહા શાહ**

**માત્ર જેન-ઝી જ નહિ હવે જેન-આલ્ફાએ પણ પોતાના અધિકાર માટે બોલવાનું શરૂ કર્યું છે**

કોન્ક્રોચ આંદોલનના પગલે દેશભરમાં અનેક આંદોલન શરૂ થયાં છે. આ આંદોલનો સ્વયંભૂ છે. મુખ્યત્વે વિદ્યાર્થીઓ દ્વારા વિદ્યાર્થીઓના પ્રશ્ને શરૂ થયા છે. ઉદ્દેશ માત્ર નીટ જેવી સ્પર્ધાત્મક પરીક્ષા પૂરતો મર્યાદિત નથી રહ્યો પણ શાળાશિક્ષણની ગુણવત્તાથી માંડીને નોકરીની ભરતી માટેની પરીક્ષાની પારદર્શિતા પણ હવે નિશાન પર આવી છે. માત્ર જેન-ઝી જ નહિ હવે જેન-આલ્ફાએ પણ પોતાના અધિકાર માટે બોલવાનું શરૂ કર્યું છે. ઉત્તર પ્રદેશમાં ફત્તેહપુરની એક સરકારી સહાય પ્રાપ્ત શાળાનાં 1,500થી વધુ વિદ્યાર્થીઓએ સ્વચ્છ પીવાનું પાણી, ચાલતા પંખા, સ્વચ્છતા, ફર્નિચર અને સારી શૈક્ષણિક સુવિધાઓની માંગ સાથે ધરણાં કર્યાં. બિહારના ગયા જિલ્લામાં મધ્યાહ્ન ભોજનની નબળી ગુણવત્તા, પીવાના સ્વચ્છ પાણીનો અભાવ, શૌચાલયની સ્વચ્છતાનો અભાવ, તૂટેલા પંખા, તૂટેલી પાટલી જેવી પાયાની સવલતો અંગે રજૂઆત કરવા જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરીએ પહોંચ્યા. રાજસ્થાનના બારમેર જિલ્લામાં શિક્ષકોના અભાવની સમસ્યાને લઈને વિદ્યાર્થીઓએ શાળાની તાળાબંધી કરી. તેમજ જયપુરમાં બહેરાં અને મૂંગાં વિદ્યાર્થીઓએ કરેલા મૌન વિરોધે પણ વહીવટીતંત્રને તેમની સમસ્યાઓ તરફ ધ્યાન આપવા મજબૂર કર્યું. મધ્યપ્રદેશના છિન્દવાડા જિલ્લાની એક સરકારી શાળાનાં વિદ્યાર્થીઓ વરસતા વરસાદમાં રસ્તા પર આવીને ભોજનમાં અવારનવાર જીવડાં નીકળવાની ફરિયાદ કરી. તો મહારાષ્ટ્રના દહાણુની શાળામાં પાણીનો અભાવ અને સલામતીના પ્રશ્ને રજૂઆત થઈ.

આ ઉપરાંત ઝારખંડમાં સ્પર્ધાત્મક ભરતી પરીક્ષાઓમાં કથિત અનિયમિતતાઓ સામેના વિરોધ પ્રદર્શને મોટું સ્વરૂપ લીધું. વિદ્યાર્થીઓ પારદર્શક અને ન્યાયી ભરતી પ્રક્રિયાની માંગ કરી રહ્યાં છે અને વર્ષોથી ચાલી રહેલી ગેરરીતિઓ સામે સીબીઆઈ તપાસની માંગ છે. આ યુવાનો માટે રોજગારનો સીધો સંબંધ આત્મગૌરવ અને ભવિષ્યની આશા સાથે જીવવાના અધિકાર સાથે છે. ઝારખંડ સરકાર વાટાઘાટ તો કરે છે પણ સીબીઆઈ તપાસ કરે એ મંજૂર નથી. દેવેન્દ્રનાથ મહતો નામના ૩૩ વર્ષીય યુવા નેતા ૨ ઓગસ્ટથી મરણાંત ઉપવાસ કરી રહ્યા છે જેમને સરકારે હોસ્પીટલમાં ખસેડ્યા છે. જ્યારે પ્રદર્શનકારીઓએ વિધાનસભાને ઘેરવાનો પ્રયત્ન કર્યો તો દિલ્હીની માફક અહીં પણ પોલીસે લાઠીચાર્જ, ટિયર ગેસ અને વોટર કેનન જેવો બળપ્રયોગ કર્યો. સત્તામાં બેઠેલા દરેક પક્ષનું વલણ સરખું જ હોય છે. આ બધાં આંદોલનો નાગરિક ભાવે પોતાના મૂળભૂત અધિકારો માટેની સ્પષ્ટ રજૂઆત છે. વર્ષોથી સરકારી તંત્રે સેવેલા દુર્લક્ષને ખોંખારીને કરેલા સવાલ છે. સરકારની જવાબદારીની માંગ છે. આ આંદોલનોનું સૌથી મોટું પરિણામ કોઈ મંત્રીનું રાજીનામું કે કોઈ એક માંગણીનો સ્વીકાર નથી. સૌથી મહત્ત્વનું પરિણામ એ છે કે એક આખી પેઢી લોકશાહીનો એક મહત્ત્વનો પાઠ શીખી રહી છે. જો દેશની વૃદ્ધિ અને સમૃદ્ધિમાં પોતાનો યોગ્ય હિસ્સો જોઈએ છે તો ચૂપ રહેવું કોઈ વિકલ્પ નથી. આ તમામ વિરોધ પ્રદર્શન કોઈ મોટા રાજકીય પક્ષના નેજા વગર સ્વયંભૂ રીતે શરૂ થયેલા અહિંસક આંદોલન છે. જુવાનીના જોશમાં પણ હિંસાનો આશરો લેવાયો નથી. પથ્થરમારાની એકાદ બે ઘટનાને આંદોલનમાં જોડાયેલાં યુવાનોને બદનામ કરવામાં વધારી ચડાવીને દર્શાવાય છે પણ તે આ આંદોલનની સાચી તાસીર નથી. સૌથી મહત્ત્વની વાત એ છે કે આ બાળકો કોઈ વિશેષ અધિકારની માંગ નથી કરી રહ્યાં. તેઓ માત્ર એટલી જ સુવિધાઓ માંગી રહ્યાં છે જે તેમના શિક્ષણના અધિકારનો ઉપયોગ કરવા માટે જરૂરી છે.

ભારતના ૮૦મા સ્વાતંત્ર્ય દિવસે આ લોકોના આક્રોશ રૂપી આ આંદોલનોને સમજવા પ્રસ્તુત છે કારણકે, આ અવસરે ગાંધીજીની એ વાત યાદ આવે છે કે સ્વતંત્રતાનો મતલબ અંગ્રેજ શાસકોની જગ્યાએ ભારતીય શાસકો આવી જાય એટલો જ નથી. જ્યાં સુધી સામાન્ય માણસના જીવનમાં સુધારો ન લાવે તો એક રાજાને બદલે બીજો રાજા આવશે, પણ સામાન્ય માણસ માટે આવી આઝાદીનો અર્થ અધૂરો છે. દેશનું પૂર્ણ સ્વરાજ ત્યાં સુધી નહિ મળે જ્યાં સુધી સામાન્ય માણસને મૂળભૂત સુવિધાઓ પ્રાપ્ત નહીં થાય. તેનું માત્ર સ્વરૂપ બદલાયું. અંગ્રેજો તો ગયા, શાસક બદલાયા, રાજકીય વ્યવસ્થા બદલાઈ પરંતુ ગરીબી, અસમાનતા, જ્ઞાતિ-આધારિત ભેદભાવ, બેરોજગારી અને શિક્ષણની અસમાનતામાંથી આપણને આઝાદી મળી નહિ. આર્થિક-સામાજિક અસમાનતા તો ચાલુ જ રહી. આ અર્થમાં જ્યારે યુવાનો આઝાદીના નારા લગાવે છે તે રોજિંદા જીવનની મુશ્કેલીઓમાંથી - બેરોજગારીમાંથી આઝાદી, ભૂખમાંથી આઝાદી, નબળા શિક્ષણમાંથી આઝાદી, ભેદભાવમાંથી આઝાદી અને તકોથી વંચિત રાખવામાં આવતી અપમાનજનક સ્થિતિમાંથી આઝાદી - મેળવવાનો સંઘર્ષ હજુ ચાલુ છે.

ભારત જ્યારે સ્વતંત્રતાના 80મા વર્ષમાં પ્રવેશી રહ્યું છે ત્યારે સ્વાતંત્ર્ય-સેનાનીઓને સાચી શ્રદ્ધાંજલિ માત્ર તેમણે આપણને અપાવેલી આઝાદીની ઉજવણી કરવી નથી, પરંતુ આઝાદીના અર્થને વધુ વિસ્તૃત કરવાનો પ્રયાસ કરવો છે..

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# વ્યાપક અરાજકતાની હકીકત: કાયદાનું પાલન કરાવશો તો અરાજકતા સર્જાશે

**રાજ કાજ ગુજરાત**

**કાર્તિકેય ભટ્ટ**

**પ્રજાને વ્યાપક અરાજકતાની એવી ટેવ પાડી દેવામાં આવી છે કે જો સરકાર સહેજ કાયદો પાલવો તો તરત પ્રજા જ બોલી ઊઠે છે કે રહેવા દો, કાયદો નથી પાળવો. વળી બધું બહુ સીસ્ટેમેટિક ચાલે છે**

“ભાજપ ક્યારે હારશે?”

“જ્યારે તે કાયદાનું કડક રીતે પાલન કરાવવાનું શરૂ કરશે.”

આ માત્ર વાર્તાલાપ નથી. લગભગ હવે નક્કર હકીકત છે. કેટલાક હજુ માને છે કે ભાજપ હિન્દુત્વના સહારે જીતે છે. ના એ તો ચૂંટણી પ્રચારનો એક અગ્રણી મુદ્દો છે. ભાજપ સતત જીતે છે એનું કારણ છે કે તે ક્યાંય નિયમન કરતો નથી. કાયદાના શાસનની હાજરી દેખાતી નથી. વેપારીઓ, સ્કૂલ માલિકોથી માંડીને એર લાઈન કંપનીઓ કોઈને કાયદાનો ડર નથી. ઉપરવાળા નીચેવાળાને લૂંટે છે અને નીચેવાળા એની નીચેવાળાને લૂંટી શકે છે. આર્થિક અરાજકતામાં કરોડોની કમાણી છે અને જવાબદારી શૂન્ય છે. જ્યાં સુધી આ ચાલે છે ત્યાં સુધી કોઈને સત્તા બદલવાનું મન થતું નથી. પ્રજાને વ્યાપક અરાજકતાની એવી ટેવ પાડી દેવામાં આવી છે કે જો સરકાર સહેજ કાયદો પાલવે તો તરત પ્રજા જ બોલી ઊઠે છે કે રહેવા દો, કાયદો નથી પાળવો. વળી બધું બહુ સીસ્ટેમેટિક ચાલે છે. આ સમજવા માટે ખાસ નિસ્બત જોઈએ. જેમકે ટ્રાફિકના અનેક નિયમો છે અને શટલ રીક્ષાથી માંડી ગેરકાયદે પાર્કિંગ, દબાણો, ઓવર સ્પીકીંગ ફોન પર વાત કરતાં વાહન ચલાવવું વગેરે બાબતે સત્તાવાળા ધારે તો કડક પગલાં લઈ જ શકે અને પ્રજા એનો વિરોધ પણ ના કરે ઉલટાની સપોર્ટ કરે પણ ના. પોલીસ માત્ર હેલ્મેટ અને સીટ બેલ્ટનો જ નિયમ પાલવશે અને એનું પાલન એકદમ ..પહેલાં બિલકુલ બેફામ બધું ચાલવા દેવાનું અને પછી અચાનક એક બે દિવસ માટે કડક અમલવારી કરવાની એટલે લોકો બોલે જ કે બીજા કાયદા પળાવો, એકલા હેલ્મેટ પાછળ કેમ પડ્યા છો?

ખાનગીકરણ અને ઉદારીકરણ બાદનાં ત્રીસ વર્ષમાં ગુજરાતમાં તમામ ક્ષેત્રોમાં સરકારના અને અધિકારીઓના મળતિયાઓએ જ ધંધા શરૂ કર્યા છે અને ક્યાંય કાયદાઓનું નિયમન નથી. હવે સ્થિતિ એવી વકરી છે કે જો ભૂલમાંય કાયદા પાળવાનું શરૂ થાય તો વ્યાપક અંધાધૂંધી થાય. જાહેર જીવનનું કોઈ ક્ષેત્ર એવું નથી જ્યાં કાયદા મુજબ બધું ચાલતું હોય. હા, વહીવટમાં થોડું ઘણું આઘુપાછું હોય તે તો સૌ સ્વીકારે છે પણ છેલ્લાં વર્ષોમાં હાલત સાવ પાતળી થઇ ગઈ છે અને અરાજકતાનો સૌ સાથે મળીને લાભ લે છે.

ધારો કે સરકાર નક્કી કરે કે આજથી જ કાયદાનો કડક અમલ થશે. કોઈને માફી બક્ષવામાં નહિ આવે તો .......

ગુજરાતનાં મોટાં તમામ શહેરોમાં બંધાતા બહુમાળી મકાનમાં બાંધકામ મંજૂર થયેલા પ્લાન મુજબ હોતું નથી એટલે હજારો ઘર તોડવાનો વારો આવે, અનેક બાંધકામો તો આમ પણ ગેરકાયદે છે જ, જેના સમાચારો છાપમાં ચમકતા રહે છે. “આ પરિવારો હવે ક્યાં જશે?” - આવા સમાચારો દ્વારા બિલ્ડરો સામાન્ય પ્રજાને કાયદાના તંત્રની સામે ઊભા કરી દે છે.

દેશમાં અનેક ખાનગી યુનિ. અને સ્કૂલ કોલેજો ખૂલી છે, જેમાંની મોટા ભાગની સ્કૂલ, કોલેજ કે યુનિ. ખોલવાના નિયમો પાળતી નથી. તમામને નિયમ અનુસાર વેતન ચૂકવવા અને યોગ્ય સ્ટાફની ભરતી કરવાની શરતે મંજૂરી મળી છે. જો કાયદાનું પાલન થાય તો નેવું ટકા સંસ્થાઓ માત્ર એ મુદ્દે જ ગેરકાયદે ઠરે કે તેની પાસે સ્ટાફ પણ નથી અને વેતન પણ ચૂકવાતું નથી.

દેશમાં નોટબંધી પછી કેશલેસની વાહવાહી છે. દર બે મહિને સમાચાર આવે છે કે આટલા કરોડનું upi ટ્રાન્ઝેક્શન થયું.પણ સૌ જાણે છે કે દેશમાં પાણીપુરીમાં કેશલેસ ચુકવણી થાય છે અને સ્કૂલ, કોલેજ, દવાખાનામાં રોકડા બંડલ ચૂકવાય છે. બિલ્ડર લોબી આજે પણ ૬૦ ટકા ચેકથી અને 40 ટકા રોકડા માંગે છે. સરકાર જે દિવસે કડક અમલ કરે કે બધું જ પેમેન્ટ ચેકથી જ સરકાર જ તૂટી પડે!

દેશમાં ઈન્ડીગો એર લાઈન્સનું નેટવર્ક ખોરવાયું. લાખો મુસાફરો રઝળ્યા એનું પ્રથમ કારણ સરકારે વિમાન કૃ માટે અઠવાડિક બ્રેકનો નિયમ બનાવ્યો તે છે. હવે આ એક નિયમ એર લાઈન્સે પાળવો નથી માટે તેને પ્રજાને બાનમાં લઈ અફરાતફરી થવા દીધી. જો આવું જ રેલવેના સ્ટાફે કે એરબસના યુનિયને કર્યું હોત તો સરકારે કાયદાનો કડક અમલ કરી સૌને સસ્પેન્ડ કર્યા હોત. સજા કરી હોત. ન્યાયાલયે પણ જાહેર નાગરિક સેવામાં વિક્ષેપ માટે ઉપદેશ આપ્યા હોત પણ આ તો એર લાઈન અને તે પણ સરકારની માનીતી એટલે કાંઈ થયું નથી.

જરા નિરાંતે બેસો અને વિચારો કે મલ્ટીપ્લેક્ષમાં ભાવથી માંડી સ્કૂલની ફી સુધી કે જાહેર દબાણોથી માંડી રસ્તે રખડતાં પશુ સુધી કોઈ જગ્યા એ સરકાર કડક રીતે કાયદો પાલવે છે ખરી? અને પછી જ્યારે અચાનક શુકન પૂરતો કાયદો પાળવાનો પ્રયત્ન થાય છે ત્યારે એરપોર્ટ પર થઈ તેવી જ અફરાતફરી બધે થાય છે અને લોકો જ કહે છે કે સાહેબ રહેવા દો અમને કાયદામાં જીવવાનું નહીં ફાવે!

માટે જ આ અરાજકતા સ્વીકારી લો.કાયદો પળાવવા જશો તો તો વ્યાપક અરાજકતા ફેલાશે. આ શાસકોની સફળતા જ શાસન નહીં કરવામાં રહેલી છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## વયોવૃદ્ધ વડીલોની ખુશી

ટાટા ઈન્સ્ટિટ્યુટ ઓફ સોશિયલ સાયન્સીસ દ્વારા ૬૦ વરસથી વધુ વયના લોકોને સામેલ કરીને સરવે કર્યો તો પરિવાર સાથે રહેતા વૃધ્ધ જીવનમાં સંતોષ ધરાવે છે. પરિવાર વૃધ્ધો માટે સુરક્ષા કવચ સમાન છે. મજબૂત પારિવારીક સંબંધોથી ખુશ રહેવાની શક્યતા અનેક ગણી વધુ જોવા મળી જે આર્થિક મદદ કરતાં પણ વધુ પ્રભાવશાળી પરિબળ છે. વળી હાલની જીવનશૈલી જોતાં સામાજિક જોડાણ માનસિક સુખાકારી મેળવે છે. આજે વૃધ્ધો માટે અનેક સીનીયર સીટીઝન કલબ ચાલે છે તેમાં સભ્ય બનીને સમયવયસ્ક મિત્રો સાથે રગંભેર આનંદ માણે છે. વળી કોમ્યુનીટી સેન્ટર અને સામાજિક સંસ્થાઓ જેવી સુવિધાઓ પણ ઉપલબ્ધ છે. વરિષ્ઠ નાગરિકો માટે યોગા કેન્દ્ર તથા બાફીંગ કલબ જેવી સંસ્થાઓ પણ છે. આમ સર્વે કર્યા અનુસાર દેશમાં ગુજરાતના દાદા-દાદીઓ સૌથી વધુ ખુશ છે એનુ કારણ છે પરિવારના સભ્યો, પૌત્ર-પૌત્રીઓ સાથે વિતાવાતો સમય જે એમના જીવનમાં નવી ઉર્જાનો સંચાર કરે છે.

**સુરત - શીલા ભટ્ટ**

## ભૂખ

કુદરતે ઈન્સાનને જીવન બક્ષુ છે તો જીવવા માટે જીવનની ગાડી ચલાવવા માટે આહાર-જમણ-ખોરાક લેવો જરૂરી છે. એ માટે અન્નદાતાએ જઠર-હોજરીમાં ભૂખ દ્વારા પેટને ભરે છે. ભૂખ ઈન્સાન માટે અનિવાર્ય છે. ખાધા ખોરાકી વિના ઈન્સાન જીવી શકતો નથી. આપણા પૂર્વજોએ ઉપવાસ મનુષ્યોને કરવાનું શીખવ્યું છે. ઉપવાસથી જઠરને આરામ મળે છે. ઉપવાસના પારણા બાદ મનુષ્યને સાચી ભૂખ લાગે છે અને જે આહાર લે છે તે પચી જાય છે અને તેણે શક્તિ પ્રાપ્ત થાય છે જે વડે જીવન સારી રીતે, તંદુરસ્ત રીતે જીવે છે. પોતે જે કામકાજ ધંધો કરીને પૈસા કમાઈને પોતાના કુટુંબને નિભાવે છે.

કુદરતની આ બક્ષીસ માનવી માટે આશીર્વાદ છે. ચાલો, આપણે પણ સમાજ, દેશ માટે, ભૂખ દ્વારા સારો આહાર લઈને અલ્લાહ ઈશ્વરને પ્રસન્ન કરીને જીવનને સાર્થક બનાવીએ.

જય હિંદ.

**સુરત - મોહસીન. તારવાલા**

## સ્વાર્થનું ઝેર અને રડતા પરિવારો

ક્યારેય કોઈ કેન્સર હોસ્પિટલના વોર્ડમાં જઈને જોજો. ત્યાં તમને માત્ર દર્દીઓ નહીં દેખાય, ત્યાં તમને વિખેરાયેલા પરિવારો, છીનવાઈ ગયેલા સપનાં અને ભીની આંખોમાં તરવરતી લાચારી દેખાશે. કોઈ નાનકડું બાળક પોતાની કેન્સરગ્રસ્ત માતાને બચાવવા ભગવાનને કરગરતું હશે, તો કોઈ ઘરડાં મા-બાપ પોતાના જુવાનજોધ દીકરાને કાળના મુખમાં જતો જોઈને મૂંગા આંસુ સારતા હશે.

આ કરૂણતા પાછળ કુદરતનો નહીં, પણ માણસની અંધિ લાલચ નો વાંક છે. માણસ આજે એટલો બધો સ્વાર્થી થઈ ગયો છે કે રાતોરાત અમીર બનવાની લ્હાયમાં તે દૂધમાં કેમિકલ, મસાલામાં રંગ અને તેલમાં ઝેર ભેળવતા પણ અચકાતો નથી. “જ્યારે કોઈ અધિકારી લાંચ લઈને ભેળસેળિયાઓને છાવરે છે, ત્યારે તે માત્ર પૈસા નથી લેતો, તે કોઈ માસૂમ બાળકના મા-બાપ છીનવી લેવાનું મહાપાપ પોતાના માથે લે છે.”

જ્યારે દેશનો દરેક અધિકારી અને સત્તા પર બેઠેલી વ્યક્તિ પોતાના અંતરાત્માના અવાજને સાંભળશે, અને રાષ્ટ્રહિતને સર્વોપરી માનીને આ દૂષણ સામે લોખંડી હાથે કામ લેશે, ત્યારે જ આ દેશમાંથી કેન્સર જેવી બીમારીઓનું મૂળ કપાશે.

**ભરૂચ -રાજ હેતલસિંહ**

## ટ્રમ્પની માનસિકતા

છેલ્લાં ઘણાં લાંબા સમયથી અમેરિકા અને ઈરાન વચ્ચે હોર્મુઝ મામલે લડત ચાલી રહી છે. યુદ્ધમાં બંને પક્ષે ભારે નુકશાન થઈ રહ્યું છે. લાખોની સંખ્યામાં માનવ જગત પર જોખમ ઉભુ થયું છે. અનેક લોકોએ જાન ગુમાવ્યા છે. મિલકત વિહોણા થયાં છે. આ યુદ્ધને અટકાવવામાં અમેરિકાના ટ્રમ્પ અનેક પ્રકારના ઉધામા કરે છે. ભારતને પોતાનુ દુશ્મન ગણી આડેધડ ટેરિફ નાંખી વિશ્વની આર્થિક પરિસ્થિતિને તોડવાનુ જોખમ ઉભું કરતા રહે છે. ટ્રમ્પની માનસિકતા એ અનેક પ્રશ્નો ઉભા કર્યા છે, પાકિસ્તાન, અમેરિકા-ઈરાન યુદ્ધના મધ્યસ્થી બની યુદ્ધને અટકાવવામાં સફળ થયાં નથી. ત્યારે જો મોદી મિડલ મેન બની. ટ્રમ્પને પોતાના ‘મનની વાત’ સમજાવે. લોકોનો વિશ્વાસ સંપાદન કરવાથી મહાન બનાય. પૈસો નહીં, માનવતા મધ્યસ્થ હોવી જરૂરી છે.

**સુરત - ગોપાલ પરમાર**

## રાષ્ટ્રીય તહેવારોને લોકો હવે રજા તરીકે માણે છે

આપણો ભારત દેશ અગાઉ અલગ અલગ પ્રાંતોમાં વહેંચાયેલો હતો અને દેશી રજવાડાઓની આણ પ્રવર્તતી હતી.આ દેશી રજવાડાઓના મોટાભાગના રાજાઓ ઐય્યાશ અને એશઆરામી હતા અને દરેક રજવાડાઓમાં અંદરોઅંદર કુસંપ હતો આ કુસંપનો ગેરલાભ ઉઠાવી વેપાર અર્થે આવેલા અંગ્રેજોએ મોકાનો ફાયદો ઉઠાવી, દેશી રજવાડાઓને એકબીજા સાથે લડાવી સત્તાના સૂત્રો હાંસિલ કર્યા અને આપણા દેશમાં જ આપણી ભોળી પ્રજા ગુલામ બની ગઈ. ત્યાર પછી પુનઃ આઝાદી મેળવવાને કાજે કેટલાય વીર સપૂતોએ પોતાનાં પ્રાણ ન્યોછાવર કરી દીધાં હતાં અને અંતે મોહનદાસ કરમચંદ ગાંધીના નેતૃત્વ હેઠળ ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ ના દિવસે આપણો દેશ ગુલામીમાંથી મુક્ત થયો હતો.આના કારણેજ લોકોએ આઝાદીનો જશ્ન મનાવ્યો હતો.

પરંતુ બદલાયેલા સમયમાં હવે રાષ્ટ્ર ધ્વજની ગરિમા કોણ જાળવે છે? આપણાં બની બેઠેલાં દેશનેતાઓને પોતાની ખુરશીની જ પડેલી હોય છે એમના મતે દેશદાઝની કોઈ કિંમત હોતી નથી. સામાન્ય પ્રજાજનો ૧૫મી ઓગષ્ટ અને ૨૬મી જાન્યુઆરીને રાષ્ટ્રીય દિવસ તરીકે ઉજવવાને બદલે બહાર ફરવાના પ્લાન બનાવે છે. તો ઘણાં ઘરોમાં આરામ ફરમાવવાનું વિચારે છે. આમ આપણે બધાં દિવસે દિવસે આઝાદીની ગરિમા અને મહત્તા ભુલતાં ગયાં છીએ અને હવે રાષ્ટ્રીય તહેવારો માત્ર એક પ્રોટોકોલ તરીકે જ રહી ગયાં છે.

**પંચમહાલ -યોગેશભાઈ જોશી**

## મેડિકલ કોલેજમાં બનતા બનાવો

શિક્ષણ દરેકને માટે ઉચ્ચ કારકિર્દી બનાવવાં માટે ઉપયોગી છે. શિક્ષિત હોવાનો અર્થ પોતે જે સમજે તે અન્યને સમજાવી શકે, સારા નરસાનો ભેદ પારખી શકે. છેલ્લાં કેટલાક સમયથી અખબાર માં પ્રસિધ્ધ થતાં સમાચાર વાંચતા જણાય છે કે પ્રાથમિક કે હાઈસ્કૂલ સ્તરે અભ્યાસ કરતાં બાળકોમાં હિંસાનું પ્રમાણ ખૂબ વધી જવા પામેલ છે. તાજેતરમાં અમદાવાદ સહિત સુરત જેવા મોટા શહેરોમાં બાળકો તિક્ષણ હથિયાર સાથે શાળા એ આવતા હોવાનું અને મારામારી કરતાં હોવાના અહેવાલ અખબારમાં પ્રસિધ્ધ થતાં જ રહે છે.

તાજેતરમા સુરતની મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતા resident doctor એ આપઘાત કરવા નો કિસ્સો નોંધાયો છે. આ બાબતે શિક્ષણ મંત્રી એ તપાસના આદેશ આપ્યા, પરંતુ શિક્ષણ જગત માટે આવી ઘટનાઓ ચિંતાનો વિષય છે. આવા કિસ્સાઓ ન બને તે માટે કોલેજમાં દર ત્રણ માસે સેમિનાર નું આયોજન કરી આ અંગેના ભયસ્થાનો વિધાર્થીઓના ધ્યાને મુકવા જોઈએ કે જેથી બીજી વાર આવી ઘટનાઓ અટકાવી શકાય.

**સુરત -ચન્દ્રકાન્ત રાણા**